દેવી-દેવતાઓના દાગીનાઓ દાયકાઓ સુધી સચવાઇ રહે એ માટે શુદ્ધતા અને સુંદરતાની સાથે સાથે મજબૂતાઈનું પણ એટલું જ ધ્યાન આપવામાં આવે છે.

શિવમ્ રિલિજિયસ જ્વેલરી પરંપરાગત રીતે ઘડવામાં આવેલા સો ટકા શુદ્ધ સોના-ચાંદીનાં આભૂષણો તમારી જરૂરિયાત મુજબ તૈયાર કરી આપે છે. તદ્દન વાજબી ભાવે અને સમયસર કામ કરી આપવામાં આવે છે.



મૂર્તિ



દ્વાર





શિખર - કળશ



ધ્વજદંડ











Shivam

Religious Jewellery


F/10, ઓમકાર કામ્પ્લેક્સ, જાની સ્ટ્રીટ,
ઘડિયાળી પોળ, માંડવી, વડોદરા

98799 77128

shivamldp1919@gmail.com

www.shivamreligiousjewellery.com

samir.panchal.923519 shivamreligiousjewellery




Shivam

Religious Jewellery

# શિવમ્ રિલિજિયસ જ્વેલરી



## પરંપરા અને
## શુદ્ધતાનો સમન્વય



પરંપરા... આ એવો માતબર શબ્દ છે, જેના થકી આપણા ધર્મ અને સંસ્કૃતિ યુગો યુગોથી ટકી રહ્યા છે. પરંપરાના વહેતાં ઝરણાએ આપણી સંસ્કૃતિને બંધિયાર થવા દીધી નથી, પરંતુ સતત વહેતી અને ધબકતી રાખી છે. પરંપરામાં જ્યારે શુદ્ધતાનો સમન્વય થાય ત્યારે શ્રદ્ધાનો દીપક ઝળહળી ઊઠતો હોય છે. પરંપરા અને શુદ્ધતાના સરવાળા સમાન એક નામ છે – શિવમ્ રિલિજિયસ જ્વેલરી.



શિવમ્ રિલિજિયસ જ્વેલરી એટલે ચાર પેઢીથી ધાર્મિક આભૂષણોને સમર્પિત એક નામ. 100 કરતાં વધારે વર્ષોથી શિવમ્ રિલિજિયસ જ્વેલરી સો ટકા શુદ્ધ અને પરંપરાગત રીતે ઘડવામાં આવેલા ધાર્મિક દાગીના દેશ-વિદેશનાં મંદિરો અને ભક્તજનોને પહોંચાડે છે.







શિવમ્ રિલિજિયસ જ્વેલરીનો પાવન ઉદ્દેશ રહ્યો છે કે કીમતી ધાતુઓનાં એવાં ઉત્પાદનો બનાવવાં, જેમાં શુદ્ધતા અને શ્રદ્ધાની ક્યાંય ઊણપ ન રહે. આ પરિવાર જ્વેલરીના વ્યવસાયમાંથી માત્ર પૈસા કમાવાનો આશય ધરાવતો નથી, બલકે તેમને હોંશ છે કે ધાર્મિક આભૂષણોની અનેક ઉમદા પરંપરાઓનું વહન થતું રહે. શુદ્ધતા, સુંદરતા અને મજબૂતી એ શિવમ્ રિલિજિયસ જ્વેલરીનું લક્ષ્ય છે.

શિવમ્ રિલિજિયસ જ્વેલરીનો પાયો ઈ.સ. 1919માં શ્રી લલ્લુરામ દામોદરદાસ પંચાલના હસ્તે નંખાયો હતો. ભગવાન શ્રી વિશ્વકર્માજીની અસીમ કૃપાથી શ્રી લલ્લુરામજીમાં કલા અને કારીગરી વિકસી હતી, જે આજે ચોથી પેઢીએ પણ જળવાઈ રહી છે. શ્રી લલ્લુરામજી પોતાની શ્રદ્ધા, કૌશલ્ય અને કોઠાસૂઝથી પોતાના હાથે જ દાગીનાને ઘાટ આપતાં અને નીતિમત્તાથી ધાર્મિક આભૂષણોનો વ્યવસાય કરતાં. આ જ સંસ્કાર-વારસો તેમનાં પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો થકી આજે પણ જળવાઈ રહ્યો છે. પ્રપિતામહનાં મૂલ્યો, સિદ્ધાંતો અને મૂળ પરંપરાગત પદ્ધતિ શિવમ્ રિલિજિયસ જ્વેલરીની વર્તમાન પેઢી માટે અને અમૂલ્ય વારસારૂપ અને પ્રસાદી રૂપ છે અને એને કારણે જ તેનું નામ આજે સમગ્ર ગુજરાત રાજ્યમાં જ નહિ, પરંતુ દેશભરમાં અને વિદેશોમાં પણ જાણીતું બન્યું છે.

કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના દેવી-દેવતાઓની મૂર્તિઓ, દેવી-દેવતાઓ માટેનાં આભૂષણો, મંદિરની પવિત્ર ચીજવસ્તુઓ સો ટકા શુદ્ધ 24 કેરેટ સોનામાંથી પરંપરાગત પદ્ધતિથી તૈયાર કરી આપવામાં આવે છે. શુદ્ધ સોનાનાં દાગીના ઉપરાંત સોના-ચાંદીના વરખવાળી કે સોના-ચાંદીના ઢોળવાળી ચીજવસ્તુઓ પણ તૈયાર કરી આપવામાં આવે છે.



## અમારાં વિવિધ ઉત્પાદનો

દેવી-દેવતાઓની મૂર્તિ
અન્ય કલાત્મક મૂર્તિઓ
દેવી-દેવતાઓના મુગટ
દેવી-દેવતાઓનાં અસ્ત્ર/શસ્ત્ર
(તલવાર, ગદા, ત્રિશૂળ, ચક્ર, ધનુષ વગેરે)

- શંખ
- પદ્મ
- પુષ્પ
- ચરણ પાદુકા
- સિંહાસન
- હિંડાળો – ઝુલા
- પાલખી
- ગર્ભગૃહ દીવાલ
- બારસાખ
- દ્વાર
- ધ્વજદંડ
- શિખર - કળશ



